૪૫૯૬

ચાંપરાજહાડા ને સોનારાણી
નાટકના ગાયનો.

સતીચરિત્ર સૂરવીરપણાનીટેક, મિત્ર મહુ
ત્વાના સુંદર વિષયોથી ભરપુર.

રચીને પ્રસિદ્ધ કરનાર.

માસ્તર નાનાલાલ વી० મગનલાલ
બુકશેલર અન્ડ પબ્લીશર.

આવૃત્તિ ૧ લી—પ્રત ૧૦૦૦

અમદાવાદ
" રાજનગર પ્રીન્ટીંગ પ્રેસમાં છાપ્યાં. "

સંવત ૧૯૪૭—સને ૧૮૯૧
કિંમત બે આના.

૪૬૭૬

ચાંપરાજહાંડા ને સોનારાણીના નાટકનાં ગાયનો.



સુત્રધાર— શાંમકલ્યાણ.

નમીએ જોડીને હાથ નાથ નિર્વીકારી;
કૃપા કરો કૃપાળ વંદીએ ધ્યાન ધારી—ટેક.
દયા સીંધુ દીવ્ય જ્ઞાન આપ સુખકારી;
સદા કરો સહાય પ્રભુ સનીપ્યે વધારી—નમીએ૦
ચમત્કારી શકિત અતિ જાઉ બલીહારી;
સૃષ્ટી સરજ્યા પુર્વ કર્યાં પોષણુ પધારી—નમીએ•

નટી— હોરી.

સતી થકી પૃથ્વી આ શોભે,
જાણો છો જગદાધાર—ટેક.
સતીથી જગમાં પ્રગટે સુરત્ન,
સતીથી સુર્ય પ્રકાશ;
સતી જો સાચવે સત્ય પોતાનું,
નવ નડે યમનો ત્રાસ—સતી૦
સતી થાઓ સૌ ભારત ભૂમીમાં,
પાકે પુરૂષ સૌ વીર;
અસલ શૂર આવે આ ધરામાં,
સાંભળો જન ધરી ધીર—સતી•

સુત્રધાર— ગીતિ.

ચાંપરાજ હાડાની, નારી સોનારાણી સૂતી જેહ;
પતિનું સંકટ હરવા, થઇ નાયકા મન વિચારી તેહ.

સોનારાણી— ધનાશ્રી ગજલ.

બાગ ખીલ્યો છે અથાગ, જોને દાસી, બાગ ખીલ્યો છે અથાગ—ટેક.
લતા મંડપમાં લેહેર ઉડે છે, દ્રાક્ષ દાડમને સાગ—જોને૦
મયુર શુડા શુક મેના બપૈયા, ઉડા ઉચ્ચારે રાગ—જોને૦
શીતળમંદ સુગંધીત વાયુ, તે સુખનો નહિં ત્યાગ—જોને૦
મધુકર પુષ્પ ગુંજાર કરે છે, નીર્મળ કેતકી નાગ—જોને૦
સ્વામી વીનાનાં સુનાં જોબનીયાં, સુનું અખંડ શૌભાગ—જોને૦

સુશીળા— દક્ષણી લાવણી.

શાંન્તી દિલ ધરો, મધુર વાય વાયુરે—ટેક.
દિલ આરામ, પ્રગટે કામ, આઠે જામ,
સરસ ધામ, સુખ શીરે છવાયુરે—શાંન્તી૦
પક્ષીના સ્વરે, અમૃત પાન પાયુરે;
નમળે કાંન્ત, શીતળ શાંન્ત, ભ્રમર ભ્રાંત,
મળી એકાંન્ત, વાસમાં વધાયુરે—શાંન્તી૦

સોનારાણી— નંદલાલના મહિનાનો રાગ.

સ્વામી લીઓને સંગ મુજને સંગ લીઓને—ટેક,
આપ વીના અમુજાઉં પ્યારા, નીર વહે છે ચોધારાં;
થાઓ નહિં મુજથી ન્યારા, મુજને સંગ લીઓને.

મુજને સ્વામી જાઓ ન મેલી, દુઃખ વખતે કોણ છે બેલી;
આપ વીના હું થઉ ઘેલી, મુજને સંગ લીઓને.

ચાંપરાજ— ગીતિ.

સ્ત્રીને સગે લેતાં, અધિક દુઃખ ખમવું પડે મારે;
જાવું પર ભૂમીમાં, આફત આવે કરવું શું ત્યારે.

સોનારાણી— દેખી તેરી વફાદારી એરાગ.

સ્વામી વાત સુણો મારી, હું કરગરી કહું પ્યારી—સ્વામી૦
આપ છોજી હૈયાના હાર, ભલા ભરથાર, પ્યારા દિલદાર;
દાસી છું તમા આ—આ—આ—આ—રી—સ્વામી૦
હું સાથે તમારી રહું, જુદી નહીં થઉ, સત્ય સૌ કહું;
માનો નિરધા—આ—આ—આ—આ—રી—સ્વામી૦

ચાંપરાજ— તું ન કુમલા જીઅરવા—એરાગ.

તમે વાત વિચ્યારો,(૨) હે પ્યારી મારી તમે વાત વિચ્યારો;
સંગે લેતાં સંકટ પામું, હરકત આવે હજારો—હે પ્યારી૦
આપું કટારી અને રૂમાલ આ, તેને ગણો દેહ મારો—હે પ્યારી૦

ચાંપરાજ— કેરબો.

કહો કહો પ્રધાનો, વાત સાચીરે.
વાત સાચીરે તમે વાત સાચીરે—કહો—એ ટેક.
પુર માંહી કેવાં ચાલે છે ન્યાય નીતિનાં કામ;
સુખ દુઃખ પ્રજા પામે કેવું, જણાવો આ ઠામ—કહો૦
કળવાણી કેવી ચાલે છે, કેવા છે વેપાર;
આશીશ મુજને આપે કેવી, નગરીના નરનાર—કહો૦

સત્યસિંહ– દયાળુ દેવ, કૃપાળુ તું. એ રાગ.

સુખી સૌ છે પ્રજા પુરની, આપે આશીષ્ય; શુભ ઉરની
પામે પંડીતો, અરે બહુ માન, વળી મેળવે, ગરીબો દાન.
પ્રીતી પુરજન, રાખે છે બહુ, વર્ણન તેનું, હું તો શું કહું
નથી મેઘવૃષ્ટી, છે એ દુઃખ, બીજી સૌ વાતનું છે સુખ

ચાંપરાજ– ગજલ.

આજથીજ દાન દેવું નિત્ય પુરમાં,
સત્ય ધર્મ ધરૂં હાલ મુજ ઉરમાં;
રંક જન પ્રત્યે નિત્ય રેહેમ રાખજો;
દુઃખીઓનાં દુઃખ તમે ઝટ કાપજો.

ચંદરાજ– ઠુમરી.

ધમઘોર થયો, ધમઘોર થયો.
નૃપ નીરખો મેઘ ધમઘોર થયો.
આસપાસ આકાશ ઘેરાયું,
ઝરમર ઝરમર જોને પડયો.

સોનારાણી ભૈરવી ગજલ.

સ્વામી વીનારે શાંતતા; વળે નહી મને–ટેક૦
હરનીશ પુંજુ પ્રેમથી, રાખી પ્યાર હું તેમને;
મીન જંખે જળમાં પડયું, ચાત ચાહે મેઘને– સ્વામી૦

ચાંપરાજ– દક્ષીણી લાવણી.

નવ થશો નીરાશ, પ્રાણથી તું પ્યારીરે– ટેક૦
વિત્યા છ માસ, મુકી આ વાસ, શાહની પાસ,
જવું છે ખાસ, મુકત થઈ છે નારીરે– ખાસ૦

માટે મારી વાત, અંતરે ઉતારીરે
થઈ પ્રસન્ન, શાહુવતન, જવા આ દન,
દે વચન, પતીવ્રતા છો નારીરે- નથ૦

સોનારાણી **ભેરવી-ઠુંમરી.**

નહીં જવા દઉ દિલ્લીમાં પ્યારા, બળે લાય મન મારારે—ટેક૦
વારે વારે શી ગુલામી તે કરવી, થઈને દુઃખીયારારે- નહીં૦
સંગે રહીને સુખેથી કરીશું, મોજ મજાહ અપારારે— નહીં૦
જળમીન જેવી પ્રીત બંધાણી, તેવી મુજ પ્રીત પ્યારારે- નહીં૦

ચાંપરાજ- **આલમને ગમને આનઘેરા એ રાગ.**

મારી પ્યારી દિલે શાંતી ધાર, બાકી દિન હવે જોને પ્યારી તું દિલ્લીમાં જવાના બાર. જાણેછે તું પરાધીનનો સાર, માટે ત્યાં મારા ગયા વિના, કોપશે શાહ અપાર.

સોનારાણી- **કલ્યાણ.**

પ્રાણના પતી, ન બોલો ક્રૂર અતિ,
અસત્ય આ શું ઉચરો, મુઝાય મમ મતિ—ટેક૦
સુવસ્રો શણગાર સજીને, શી હું માનું મોજ;
કુમ કુમ ચાંલ્લો બાળે મુજને, નાથ વીનાનો રોજ—હે પ્રાણના૦
મીઠાં ભોજન દેખું જ્યારે, ત્યારે લાગે રાખ;
સ્વામી સંગે બેસી જમું, રાખ ગણીને દ્રાખ. હે પ્રાણના૦
આગ્ના દો તો દિલ્લી આવી, પાડું શાહાને પાય;
ક્ષત્રી બાળાનું પરી બળ, તરત ત્યાં પરખાય. હે પ્રાણના૦

ચાંપરાજ— **દેખી અપેસી ચતર નાર. એ રાગ.**

વિચાર વ્હાલી આ વાર, એવું શોભે શું મને લગાર;

શાહ તણું શીર છેદવું, શો એમાંથી ઉપજે સાર.—૧
શાહા શાણા દિસે છે ભારી, અદલ ઇનસાફી પ્યારી;
તેને તુજ માટે શું મારી, ખઉ હું શું ફિટકાર.—૨

સોનારાણી— અયે મેહેર બે વફા હુવા કયું. એ રાગ.

સધારો પ્યારા મારારે, મુકી મને નિરાધાર; અરેરે આ ઠાર.
આધાર નથી અન્યનો, બનાવો કાં લાચાર; તજી ભરથાર;
"પણ" પાળીને પાછા ફરજો, ઝટ ઓ મારા દિલદાર, દયાઉતાર.
વિરહ વેરી સદા અહીં મુજને, આપે દુઃખ અપાર, અરેરે આ ઠાર.

શોરઠની ગોડી.

પ્યારા પ્રાણનું રક્ષણ કરજોરે,
મારા નાથ પાછેરા ફરજોરે. ટેક.
૭ માસ સુધી અંગે ઉદાસી,
કષ્ટ મારૂં દુર કરજોરે. મારા નાથ૦
સુખનાં સાહિત્ય ત્યાગ કરૂં છું;
દર્શન દઈ દુઃખ હરજોરે. મારા નાથ૦
અધિક કહું શું નયન વિલાસી,
ઝટપટ પાછા ફરજોરે. મારા નાથ૦

સિંહળમતી— ગીતિ.

ફરતા હરતા સંગે, મોજ મજાહમાં પણ સાથે રેહેતા;
વીતેલ સુખ દુખોની, વાતો પરસ્પર પ્રેમ ધરી કેહેતા.
સગા ભ્રાત સમ પ્રીતી, રાખી હૃદયમાં ધરતા ઉર વિવેક;
જોડી તમારા જેવી, મળે કદાપિ ભાળી હજારે એક.

પાહાડસીંહ— રાગ સદર.

સજ્જ સારાં કામો, કરે જ્યારે મિત્ર મળે સારો;
કુકર્મી મિત્રોથી, બેસે લજ્યા મુકી તે બિચારો.

વિમળમતી— માલીની છંદ.

અમ્મર કીર્તિ પામે, મિત્ર જો હોય સારો;
દુઃખો અતિ પામે, હોય મિત્ર નઠારો.
નહીં નહીં કદી આવે, સાથે સ્વામીજ કાંઈ;
લઈ લઇ જન જાયે, સંગે સારી બુરાઈ.

ચાંપરાજ— ક્ષત્રા કલંક કેમ લેશોરે. એ રાગ.

અહો! અકબર શાહસુલતાન—વદો શું આપ વેણુ આવુંરે.
નહીં સાંખે ક્ષત્રી બચ્ચો અપમાન— વદો૦
ઘણી સતી સુતા ક્ષત્રી ઘર માંય— વદો૦
છતાં કેમ કરી મેહેણું જાય— વદો૦
નવ જવા દઉં ક્ષત્રીઓનું નામ— વદો૦
હોડ બકવા ધરૂ આજે હામ— વદો૦
પાળે પતીવ્રત મારી નાર— વદો૦
જતાં જાન ન ડરે લગાર— વદો૦
નથી ક્ષત્રીઓ થયા બળ હીણુ— વદો૦
ક્ષત્રી બાળાઓ સતમાં પ્રવીણુ— વદો૦
આપ વચન સુણી ઉઠે જવાળ— વદો૦
અરે સતી નારી ક્ષત્રીમાં છે હાલ— વદો૦
મારી પ્રીયાનો ભરૂસો મને પૂર— વદો૦
શુદ્ધ સતીનું તેના માંહી નૂર— વદો૦

આપ ઇચ્છાથી થઇ હું [illegible]— વહો૦
માથું આપું મારૂં નિક્કી [illegible] વહો૦

શેરબેક— ગીતાબી [illegible]

મેરા મનમેં [illegible]
દીયો રાજ [illegible]
ટેક તોડાવા [illegible]
તબ ઉસકુ [illegible]

આપ આગે [illegible]
સાંખી જાતી [illegible]
ઉસ બીયે હોનાએ [illegible]
ઉસકી ઓરત [illegible]

અકબરશાહ— ગીતિ

સુંણુ શેરબેક સચ્ચી, આજે [illegible] વાત;
જો હોવેગા જુઠા, તબ મે તેરી [illegible]

ચાંપરાજ— [illegible]

શાહ સુંણો હાલમાં [illegible]
ધીઃક્કાર પાપી નારને [illegible]
વીશ્વાસ રાખી હોઇ [illegible]
દગો તે દુષ્ટાએ દીધો અરે મને આ[illegible]
ધીટકાર દેવા એહને આપો રાજ સરકાર.
સુદત પર પાછો આવી ખડો થઉ આકાર

અકબરસાહ— ગીતિ.

રાજ નહિ મીલેગી, અબ ગુન્હેગાર હુવા તું મેરા;
અબ જામીન તું દેગા, તબ છુટકારા હોવેગા તેરા.

પાહાડસિંહ— ગીતાળીચોપાઇ.

દીલ્લીપતી સુણો સરકાર,
કરૂં વીનતી આજે આ ઠાર;
એ મિત્ર મારો દિલદાર,
થઉ જામીન તેનો આ વાર.
આપો રજા એને જવા માટે,
આપું શિશ મારૂં એના સાટે;
મિત્ર કરતાં નથી આ વધારે.
ધન દોલત એ મન મારે.

ચાંપરાજ— બનજારો.

પ્યારા મિત્ર વિના આ ઠાર, દીયે માથું કોણ દીલદાર;
ધાડ વખતે ધીરજ આપે, વળી સંકટ પોતે કાપે;
સહી દુઃખો દિલે અપાર.— દીયે માથું૦
ચંદ ચકોરની જેવી પ્રીતિ, જેવી જળ મીનની રીતી;
તેવી પ્રીતિ મન મોઝાર.— દીયે માથું૦
ખરી ખરી મિત્ર તુજ ટેક, તેં જણાવ્યો જગને વિવેક;
છે સારા તુજ વિચાર;— દીયે માથું૦
મને વખત મળ્યો છે કે'વા, કે કરજો મિત્ર મુજ જેવા;
જેહ ઉતારશે ભવપાર.— દીયે માથું૦

પાહાડસીંહ— ગીતિ.

શાણા મિત્ર મારા, ત્યાં જઈ તેની તપાસ તમે કરજો;
ક્રોધ સમાવી શાંન્તી, ચાંપરાજ તમે ચિત્ત માંહી ધરજો.

સોનારાણી— બીહાગની ગજલ.

સુંણુ હે દાસી પીયુ પ્રેમ વીના છે નારીને ધિ:ક્કાર;—ટેક.
ધિક્ક આ મંદિર ધિક્ક બગીચા, સર્વ વળી શ્રૃંગાર.—સુંણુ૦
પીયુની પાસે પત્ની શોભે, રહે રોહિણી ચંદની પાસ;
પીયુ મુખ વિમૂખ વનિતા રહે, તેની જીંદગી ધિક્કાર.—સુંણુ૦

માલીની છંદ.

શીતળ પવન ધીમો, ચંદ્ર જ્યોતિ રૂપેરી;
સુવન, કુસુમ, વીણા, કોયલો કલેશકારી;
લલિત વિવિધ ક્રીડા, હાય! સંતાપકારી;
નથી સહન થતો આ, પતી વિયોગ ભારી.

નાથ કૈસે ગજકો. એ રાગ.

અહો શંભુ સ્હાય થજોજી મારી,
મને આશા તમારી છે ભારી.—ટેક.
પતી મારાનું વિઘ્ન વિદારી,
રાખજો તન સુખાકારી;
અમતણા અપરાધ ક્ષમાવી,
કરજો કરૂણા હે મોરારી.—અહો શંભુ

ચાંપરાજ—(ક્રોધથી.)ક્ષત્રી કલંક કેમ લેશરે. એ રાગ.

ફટ ફટ હે પાપી નાર,—છુપાવ તારૂં મુખ કાળુ રે;
ધિ:ક ધિ:ક તારો અવતાર—ભરૂંસે માથું કાપું મારૂ રે
રાખ્યો વિશ્વાસ તારો રંડા નાર— છુપાવ૦
લારે કર્યો મને છેક ખુવાર— ભરૂંસે૦

છટ્ છકેલી કર્યો વ્યભિચાર— છુપાવ૦
કાપું શીર તારૂં મારી તરવાર— ભર્ સે૦

દાસીઓ— કલ્યાણ.

માહારાજાજી રોષ ધરો ન, ક્રોધ કરી તમે ભારીરે—માહારાજા૦
પતીવ્રત પાળે પુરણ પ્રીતે, કેમ કહો વ્યભીચારીરે—માહારાજા૦
માનો માનો તમે વિનતી અમારી.........................

ચાંપરાજ......................વધ કર ઝટ જીભ તારીરે

દાસીઓ—માહારાજાજી રોષ ધરો ન, ક્રોધ કરી તમે ભારીરે.

સોનારાણી— અચાનક આશો કોપ—એ રાહ

એકદમ દુ:ખ કેમ દિધું વિશ્વાધાર,
સહન શી રીતે થશે દિલમાં ડરૂં–(ટેક.)
પતીવ્રત ધર્મ મારો નિત્ય પાળતી,
સ્વામીની સેવામાં સદા દિન ગાળતી—એકદમ૦
ઓચીંતા પધારી પીયુ દીધો ધીટકાર,
વાંકતે શો એવો મારો સુજેનલગાર—એકદમ૦
શીયળ તજીને નથી કર્યો વ્યભીચાર,
તેમ પગ નથી દીધો કદી મ્હેલ બ્હાર—એકદમ૦

દાસીઓ— વણજારો

પતી પ્રેમ તમારો ભારી, છો શાંણી સતી નારી—ટેક.
કરો શિયળ રક્ષણ સારૂં, તમે ગાળી શરીર તમારૂં;
પીયુ પીયુ મુખે ઉચ્ચારી—પતીપ્રેમ૦
તુચ્છ જાણી જગતનો ઠાઠ, પતી પોથીનો ભણતાં પાઠ;
પ્રીત લાવી હૃદયમાં સારી—પતીપ્રેમ૦

સુશીળા— અબોલા શાને લ્યો છો—એ રાગ.

પ્યારી ભાઈ આજ તમે તો, ઝટપટ તૈયાર થાઓ— પ્યારી૦
સ્હાયે કરશે શ્રી શંકરજી, વેગે દિલ્લી ભણી જાઓ—પ્યારી૦
ક્રોધ કલ્પાંત દૂર વિસારી, પતીની વ્હારે ધાઓ— પ્યારી૦
મેહેણું નહીં તો રેહેશે શીરપર, જગમાં અતી વગોવાઓ—પ્યારી૦

સોનારાણી— આશાઘોરી.

મેહેર કરો હે મોરારી, મયાધારી,
મેહેર કરો હે મોરારી—ટેક.
શીરના સાટે સતીવ્રત ધારૂં,
સ્વામી શેવા ગણી સારી...મયા૦
કલંક વાદળું ક્યાંથી આવ્યું,
તોયે અતિ દુઃખકારી—મયા૦
સત્ય હોયે જો પ્રભુ મારૂં,
તો મને લેજો ઉગારી—મયા૦

સોનારાણી— (જુઓ જુઓ વિપ્ર ભાટી ગામ.)

અરે! અરે! હવે થઉં હું તૈયાર—મેહેણું કદી ન માંથે ધરૂંરે;
વેગે દિલ્લીમાં વર્તાવું હાહાકાર— મેહેણું૦
મારે માંથે જેણે મુક્યું જુઠું આળ— મેહેણું૦
તેની ખોળી ખોળી ખેંચી તાણું ખાલ— મેહેણું૦
જો હોઉં કદી ખરી ક્ષત્રી નાર— મેહેણું૦
તો હું કરૂં દુશ્મનને ખુવાર— મેહેણું૦
સારી દીલ્હીને દુલાઉ આવાર— મેહેણું૦
શાહ શીરપર મારૂં તરવાર— મેહેણું૦

એની દીલ્હીમાં કરીએ કાળો કેર— મેહણુ૦
પ્રાણપતીને તેડી લાવું ઘેર— મેહણુ૦

દાસીઓ—(શાકી શરાબ એકીલા. એ રાગ)

સુશીળા—જોને તું બેન, બાઇનાં વેણ,
મોહિની—ક્રોધ ભરેલાં રાતાં નેણ;
કાન્તા—જોઇ સૂરાને ચડે ઘેણ,
સર્વ સાથે—ધન્ય છે બાઇ ધન્ય ધ.
સુશીળા—એમના ઉર આવ્યું શુર,
મોહિની—ક્રોધ ભરાયું કેવું તુર;
કાન્તા—દીલ્હી કરશે ચકચુર,
સર્વેસાથે—ધન્ય છે બાઇ ધન્ય ધન્ય!!!

કાન્તા— ગીતિ.

સમજુ શાણા બાઈ, ધિરજ ધારી દિલ વિશે ભારી,
વેગે વાટે વળોને, વખત વિતેથી થશેજ ખુવારી;
આશ ધરી ઇશ્વિરની, અંતર વિશે હર્ષ અતિ આણો,
વેગે વિજ્ય કરીને, ઝટપટ પાછાં આવીશું જાણો.

ખાહાડશીંહ— (દેખી તેરી વફાદારી- એ રાહ)

શું સોચ કરે પ્યારી, તું સમજુ થઈ ભારી-
હે પાછાં વળોને નાર, ખરે તુંજ પ્યાર, જોયે આ ઠાર;
સતી તું ભા આં—આં—આં—રી—શું શોચ કરે પ્યારી.

વિમળમતી— (સહીયર દુઃખ શું દાખવું—એ રાગ.)

પ્રીયપતી આજે પ્રીતથી, મીત્ર સાટે દો શીશ;
ધન્ય ધન્ય તમ દેહ. આ. રીજશે જગદીશ. પ્રીય૦

રૂડો દિવસ આજનો, શુભ ઘડી પળવાર;
મિત્રનો જાન બચાવવા, તમે થયા તઈયાર- પ્રીય૦
દુ:ખ દિલમાં એટલું, થશે મારે વિયોગ;
સંસારમાં રહેવું પડે, રાહી મનમાં શોક- પ્રીય૦
વેરાન જેવું મુજને, સર્વે ભાસશે શુન્ય;
આપ છતાં મારે કોઈની, હતી નાહી નુન્ય- પ્રીય૦
લાડકવાયો બાળ આ, નિત્ય કરશે યાદ;
ચિંતા ઉઠે તે ચિત્તમાં, ધરો ધ્યાનમાં દાદ- પ્રીય૦

બાહાડશીંહ- સદર.

રૂદન પ્યારી કરો નહી, મન મારૂં મુંઝાય;
દયા તમારી આવતાં, બાજી હાથથી જાય- રૂદન૦
સુખી થઉ હું સ્વર્ગમાં, કરજો એવાં કામ;
સતી શોભા વધારજો, મારૂ રાખજો નામ. રૂદન૦
પ્રાણ પ્રીયા પાછાં વળો, શુભ રાખજો વાત;
મિત્રને આ ન જણાવશો; નહીંતો કરશે ઘાત- રૂદન૦
ધિરજ દેજો તેને તમે. નહીંતો હારશે હામ;
વાત વીપરીત તેથી થશે, બગડશે સૌ કામ- રૂદન૦

આંપરાજ—(પ્રવેશ કરીને)

શાબાશ તુજને શાબાશ, ખરો તારો વિવેક;
દોસ્તી દ્રષ્ટાંત બતાવીયુ, સૌને લેવા સુટેક- શાબાશ૦
ધિક્ ધિક્ હોજો મુજને, કરી મેં બહુ વાર;
દુ:ખ તેથી તને થયું, અરે મિત્ર અપાર- શાબાશ૦
અરે મહાપી તાહરી, મિત્ર થાત જો ઘાત;

તો મિત્ર વધી ઠરીને, જગમાં વગોવાત- શાબાશ૦
સલામ સલામ મિત્ર છે, આજે છેલ્લી સલામ;
પ્રીતેથી તમે પરવરો, સૌની સંગે મુકામ- શાબાશ૦

જમાલખાં- ગીતિ.

ચાંપરાજ હાડાજી, શુળી ઉપર આજ ચડો નાહી,
શાહે બોલાવ્યાં છે, માટે ચાલો કચેરી માંહી.

સોનારાણી-(ગુલશાનમેં માહરૂ ખડા ખડા રોતાહે એ રાગ.)

હે શાહ સુણો તમે આજ વિનતી મારી;
હું દુઃખીયારી છું નાર શરણે તમારી;
લીધો મેં વેસ્યા વેશ સકટને હરવા;
છું ચાંપરાજની નાર, સતી હયાં ઠરવા.
કોઇ આવ્યું નથી મુજ મેહેલ વદુ છું સાચું;
થયો પ્રપચ એમાં પુર દીસે સૌ કાચું.
હું પાળું પતીવ્રત ધર્મ ધરી મન પ્રીતી,
કેમ મુકી સારી રીતી, કરૂ હું અનીતિ.
હું શીવ પુંજનમાં ચિત્ત રહીતી ધારી;
ઓચીંતા આવી નાથે મને ફીટકારી.
ક્રોધ કરી કાપવા થયા શીર તઇયાર;
મને વચન વૃષ્ટિનો માર્યો અતીશે માર.
દયા લાવી દાસીએ જાન બચાવ્યો મારો,
નહીં તો મેહેલુંનો રહેત મુજ સીર બારો;
હું ભરમ ભાગવા આવી અરે આ ઠાર,
તમે કરો તેનો ન્યાય, શાંણા સરકાર.

શેરબેક— ચંદ્રમુખીને એકાલી. એ રાગ.

સતી મારૂં માથું તુજ કને, ધિક્ક ધિક્ક છે આ જન્મને—ટેક.
અઘટિત કામ મેં કર્યું, ન લેશ જ્ઞાન મન ધર્યું;
હું ગુન્હેગાર ક્ષમા કરો, નવ રીસ ઉરમાં ધરો.—સતી.
મુજ માવડી બચાવ તું, અઘોર પાપી આજ હું;
છો દેવી રૂપ હું રંક છુ, ક્ષમા કરો કંગાલ છું;—સતી.


ચાંપરાજ— ગીતિ.

કુકર્મ કપટે કીધું, પણ છેવટ આવ્યો શરણે મારે;
શૂરો ક્ષત્રી તન જે, શરણાંગતને કદી નહીં મારે.
બનવા કાળ બને છે, એમાં એનો નથી જરાયે વાંક;
શાહ જવા દો એને, ખરે બિચારો દીસે છે બહુ રાંક.

(ચાંપરાજ સોનારાણી સહીત બુંદિકોટા જાય છે.)

સર્વે પાત્રો.— ધનાશ્રી.

ઉત્તમ દહાડો આજ, સજ્જનો, ઉત્તમ દહાડો આજ.—એ ટેક.
સોનારાણીએ સાચવ્યું શીયળ, સુધર્યાં તેનાં કાજ.—સજ્જનો.
દંપતી તેમણે આ દુનીયામાં, નામ રાખીશું સદાજ.—સજ્જનો.
પાય લાગી પરમેશ્વર પાસે, પ્રીતે પ્રણમીયે આજ.—સજ્જનો.
ભુલ ચુક દરગુજર કરજો, અરજ ગુજારે સમાજ.—સજ્જનો.



જાહેર ખબર.

નિચે લખેલાં પુસ્તકો જેઓ સાહેબને જોઈતાં હોય તેમણે અમદાવાદ, સુરત, મુંબઈ, વડોદરા, ભાવનગર વીગરેના બુકશેલરો પાસેથી અથવા અમારી પાસેથી રોકડી કિમત મોકલી મગાવી લેવાં; જથાબંધ મગાવનારને ઘણાજ સરતે ભાવે આપીશુ.

	કિંમત.
	રૂ આ. પાઈ.
ભર્તૃહરી નાટક મોટું	૦—૬—૦
ચાંપરાજ નાટક મોટું (છપાય છે)	૦—૮—૦
પૃથુરાજ રાઠોડ નાટક	૦—૪—૦
ભર્તૃહરી નાટકનાં ગાયન	૦—૨—૦
ચાંપરાજ હાડાનાં ગાયન	૦—૨—૦
લીલાવતીનાં ગાયન	૦—૨—૦
ચંદન મલ્યાગિરી ચરિત્ર નાટક	૦—૨—૦
સદેવંત સાવલીંગાના ગાયન	૦—૧—૬
વનરાજ ચાવડાનાં ગાયન	૦—૧—૬
રાણકદેવી રાહ ખેંગાર	૦—૧—૬
શાકુન્તલ નાટકનાં ગાયન	૦—૨—૦